FROOTU MENU

# 50+ કલરના ના નામ | Colours Name in Gujarati and English

10/04/2026 by Kiran Jethwani

સામાન્ય રીતે આપણા સહુ કોઈને રંગો વિશેની જાણકારી બાળપણથી જ મળી જતી હોય છે. કલરથી આપણે રંગીન ચિત્રો બનાવતા હોઈએ છે. આથી કલરના નામ ગુજરાતી અને અંગ્રેજીમાં જાણવા જરૂરી બને છે.

રંગો આપણા જીવનનો એક અભિન્ન અને અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે. કારણ કે તેઓ માત્ર દૃશ્ય સુંદરતા વધારતા નથી પરંતુ આપણા મન ભાવનાઓ અને વિચારો પર પણ ઊંડી અસર કરે છે. પ્રકૃતિમાં જ્યાં નજર કરીએ ત્યાં રંગોની અદભૂત દુનિયા જોવા મળે છે.

## 50+ કલરના ના નામ

કહેવાય છે કે રંગો માણસના મૂડને બદલી શકે છે. તેજસ્વી રંગો ખુશી અને ઊર્જા આપે છે, જ્યારે હળવા રંગો શાંતિ અને આરામનો અનુભવ કરાવે છે. આ રીતે રંગો આપણા જીવનમાં માત્ર સૌંદર્ય જ નહીં પરંતુ આનંદ પણ આપે છે.

અમે અહીં તમામ રંગોના ગુજરાતી અને અંગ્રેજી નામોની એક યાદી તૈયાર કરેલ છે જે નીચે અનુસાર છે.

| Color Sample | Colour Name In Gujarati Name | Colour Name In English |
|---|---|---|
| 🔴 | લાલ (Lal) | Red |
| 🔵 | વાદળી (Vadali) | Blue |
| 🟢 | લીલો (Lilo) | Green |
| 🟡 | પીળો (Pilo) | Yellow |
| ⚫ | કાળો (Kalo) | Black |
| ⚪ | સફેદ (Safed) | White |
| 🟠 | નારંગી (Narangi) | Orange |
| 🌸 | ગુલાબી (Gulabi) | Pink |
| 🟣 | જાંબલી (Jambli) | Purple |
| 🟤 | કથ્થઈ (Kaththai) | Brown |
| 🔘 | રાખોડી (Rakhodi) | Gray |
| ✨ | સોનેરી (Soneri) | Golden |

FROOTU

| | | |
|---|---|---|
| 💿 | ચાંદી (Chandi) | Silver |
| 🍷 | મેરૂન (Maroon) | Maroon |
| 🌊 | આકાશી (Akashi) | Sky Blue |
| 🌿 | પોપટી (Popti) | Parrot Green |
| 💠 | ફિરોઝી (Firozi) | Turquoise |
| 🌑 | નેવી બ્લુ (Navy Blue) | Navy Blue |
| 🧴 | ક્રીમ (Cream) | Cream |
| 🐘 | હાથીદાંત (Hathidant) | Ivory |
| 🪖 | ખાકી (Khaki) | Khaki |
| 🍇 | ઘેરો જાંબલી (Ghero Jambli) | Indigo |
| 🥀 | લાલચટક (Lalchatak) | Crimson |
| 🥭 | કેસરી (Kesari) | Saffron |
| ☕ | કોફી (Coffee) | Coffee |
| 🧱 | ઇંટ જેવો લાલ (Int Jevo Lal) | Brick Red |
| 🪻 | લેવેન્ડર (Lavender) | Lavender |
| 👗 | ઘેરો લીલો (Ghero Lilo) | Teal |
| 🍐 | આછો લીલો (Aacho Lilo) | Lime Green |
| 🍑 | પીચ (Peach) | Peach |
| 🧼 | આછો વાદળી (Aacho Vadali) | Cyan |
| 🍇 | મેજેન્ટા (Magenta) | Magenta |
| 🥉 | કાંસ્ય (Kansya) | Bronze |
| 🍯 | મધ જેવો (Madh Jevo) | Amber |
| 🥯 | બેજ (Beige) | Beige |
| 🐚 | શંખ જેવો (Shankh Jevo) | Off-white |
| 🍫 | ચોકલેટી (Chocolaty) | Chocolate |

| | | |
|---|---|---|
| 🌅 | સિંદૂરી (Sinduri) | Vermilion |
| 🧊 | બરફ જેવો (Baraf Jevo) | Ice Blue |
| 🌲 | જંગલી લીલો (Jangli Lilo) | Forest Green |
| 🌑 | કોલસા જેવો (Kolsa Jevo) | Charcoal |
| 🧱 | ટેરાકોટા (Terracotta) | Terracotta |
| 🧪 | ફ્લોરોસન્ટ (Fluorescent) | Neon |
| 🪵 | લાકડા જેવો (Lakda Jevo) | Tan |
| 🏺 | તાંબુ (Tambu) | Copper |
| 🥀 | રતાશ પડતો (Ratash Padto) | Rosy Brown |
| 🍂 | સરસવ (Sarsav) | Mustard |
| 🍷 | વાઇન (Wine) | Wine |
| 🍄 | મશરૂમ (Mushroom) | Taupe |
| 💎 | મરકત (Markat) | Emerald |

## રંગોની વિશેષતાની જાણકારી

દરેક કલરની કોઈ ને કોઈ વિશેષતા રહેલી હોય છે. જેવી રીતે કે સફેદ કલર શાંતિનું પ્રતીક છે. જયારે પીળો કલર એ આનંદ અને હકારાત્મકતા સૂચવે છે. આવી જ રીતે રંગોની ખાસ વાતોની જાણકારી નીચે અનુસાર જોઈએ શકાય છે.

| રંગ (Color) | ખાસિયત અને વિશેષતા (Specialty & Significance) | પ્રતીક / અસર (Symbolism) |
|---|---|---|
| **લાલ (Red)** | આ રંગ સૌથી વધુ ધ્યાન ખેંચનાર અને ઉર્જાવાન રંગ છે. તે ઉત્તેજના વધારે છે. | પ્રેમ, સાહસ, શક્તિ અને જોખમ |
| **સફેદ (White)** | તે શાંતિ અને સ્વચ્છતાનું પ્રતીક છે. તે મનને શાંત રાખવામાં મદદ કરે છે. | પવિત્રતા, સાદગી અને સત્ય |
| **વાદળી (Blue)** | આ રંગ વિશ્વાસ અને સ્થિરતા દર્શાવે છે. તે બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદરૂપ માનવામાં આવે છે. | વફાદારી, શાંતિ અને ગંભીરતા |
| **લીલો (Green)** | તે પ્રકૃતિ અને હરિયાળીનો રંગ છે. આંખોને સૌથી વધુ આરામ આ રંગ આપે છે. | સમૃદ્ધિ, આરોગ્ય અને વિકાસ |

| | | |
|---|---|---|
| **પીળો (Yellow)** | આ રંગ ખુશી અને આશાવાદનું પ્રતીક છે. તે મગજને સક્રિય રાખે છે. | બુદ્ધિ, આનંદ અને ઉર્જા |
| **કેસરી (Orange)** | તે સર્જનાત્મકતા અને ઉત્સાહ વધારે છે. આ રંગ સામાજિકતા વધારે છે. | હિંમત, ત્યાગ અને મિત્રતા |
| **કાળો (Black)** | તે શક્તિ અને રહસ્યનો રંગ છે. ફેશનમાં તે લાવણ્ય (Elegance) સૂચવે છે. | અધિકાર, શિસ્ત અને શોક |
| **ગુલાબી (Pink)** | આ રંગ કોમળતા અને દયાળુભાવ દર્શાવે છે. તે તણાવ ઘટાડે છે. | સ્નેહ, સંભાળ અને સ્ત્રીત્વ |
| **જાંબલી (Purple)** | પ્રાચીન કાળથી આ રંગ વૈભવ અને રાજવી ઠાઠ સાથે જોડાયેલો છે. | શાહી ઠાઠ, આધ્યાત્મિકતા અને કલ્પના |
| **કથ્થઈ (Brown)** | આ રંગ જમીન અને લાકડા સાથે જોડાયેલો છે, જે સુરક્ષાનો અનુભવ કરાવે છે. | વિશ્વસનીયતા, હૂંફ અને પ્રાકૃતિક |
| **સોનેરી (Gold)** | તે વિજય, ધન અને ઉચ્ચ ગુણવત્તાનું પ્રતીક છે. | સંપત્તિ, સફળતા અને તેજ |
| **રાખોડી (Gray)** | આ એક તટસ્થ રંગ છે જે બુદ્ધિ અને સમજદારી દર્શાવે છે. | સંતુલન, તટસ્થતા અને ગંભીરતા |

રંગોની વિશેષતા આપણા જીવનમાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. દરેક રંગની પોતાની એક અલગ ઓળખ, અર્થ અને અસર હોય છે. રંગો માત્ર વસ્તુઓને સુંદર બનાવતા નથી, પરંતુ તેઓ આપણા મન, ભાવનાઓ અને વિચારો પર પણ અસર કરે છે.

## રંગોના પ્રકારની માહિતી

રંગોના વિવિધ પ્રકારો આપણા જીવનને વધુ સુંદર, આકર્ષક અને અર્થસભર બનાવે છે. સામાન્ય રીતે રંગોને ત્રણ મુખ્ય પ્રકારોમાં વહેંચવામાં આવે છે. મૂળ રંગો, ગૌણ રંગો અને તૃતીયક રંગો. મૂળ રંગો એવા રંગો છે જે બીજા કોઈ રંગોને ભેળવીને બનાવવામાં આવતા નથી.

### મૂળ રંગો (Primary Colors)

આ એવા કલર છે જેને બીજા કોઈ રંગોને ભેળવીને બનાવવામાં આવતા નથી. આ રંગો પોતે જ મૂળ હોય છે અને અન્ય ઘણા રંગો બનાવવા માટે આધારરૂપ બને છે. આવા મૂળ ત્રણ રંગો છે લાલ, પીળો અને વાદળી.

| રંગનું નામ | અંગ્રેજી નામ | રંગનું વર્ણન | અન્ય રંગો બનાવવા માટેનું મહત્વ |
|---|---|---|---|
| લાલ | Red | લાલ રંગ તેજસ્વી, ગાઢ અને ખૂબ આકર્ષક દેખાતો રંગ છે. આ રંગ આંખે તરત જ નજરે પડે છે અને ધ્યાન ખેંચે છે. | લાલ રંગને પીળા સાથે ભેળવવાથી નારંગી રંગ બને છે અને વાદળી સાથે ભેળવવાથી જાંબલી રંગ બને છે. |

| | | | |
|---|---|---|---|
| પીળો | Yellow | પીળો રંગ પ્રકાશ, ચમક અને ખુશી દર્શાવતો રંગ છે. આ રંગ સૂર્યપ્રકાશ જેવી તેજસ્વિતા આપે છે. | પીળા રંગને લાલ સાથે ભેળવવાથી નારંગી અને વાદળી સાથે ભેળવવાથી લીલો રંગ બને છે. |
| વાદળી | Blue | વાદળી રંગ ઠંડક, શાંતિ અને ગહનતા દર્શાવતો રંગ છે. આકાશ અને પાણીમાં આ રંગ જોવા મળે છે. | વાદળી રંગને પીળા સાથે ભેળવવાથી લીલો અને લાલ સાથે ભેળવવાથી જાંબલી રંગ બને છે. |

## ગૌણ રંગો (Secondary Colors)

આ બે મૂળ રંગોને ભેળવવાથી બને છે. આ પ્રકારના રંગો વધુ આકર્ષક અને સુંદર દેખાય છે. ઉદાહરણ તરીકે, લાલ અને પીળો ભેળવવાથી નારંગી, પીળો અને વાદળી ભેળવવાથી લીલો, અને લાલ તથા વાદળી ભેળવવાથી જાંબલી રંગ બને છે.

| ગૌણ રંગનું નામ | કયા બે મૂળ રંગોથી બને છે | રંગ વિશે વિગતવાર માહિતી |
|---|---|---|
| નારંગી રંગ | લાલ + પીળો | નારંગી રંગ બે મુખ્ય રંગો એટલે કે લાલ અને પીળાને ભેળવવાથી બને છે. આ રંગ ખૂબ તેજસ્વી અને આકર્ષક દેખાય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશમાં આ રંગ ઘણીવાર જોવા મળે છે. ફળોમાં જેમ કે નારંગી અને ગાજરમાં પણ આ રંગ જોવા મળે છે. |
| લીલો રંગ | પીળો + વાદળી | લીલો રંગ પીળો અને વાદળી રંગને ભેળવવાથી બને છે. આ રંગ પ્રકૃતિમાં સૌથી વધુ જોવા મળે છે. વૃક્ષોના પાંદડા, ઘાસ, છોડ અને ખેતરોમાં લીલો રંગ દેખાય છે. આ રંગ આંખોને આરામદાયક લાગે છે અને ખૂબ તાજગીનો અનુભવ કરાવે છે. |
| જાંબલી રંગ | લાલ + વાદળી | જાંબલી રંગ લાલ અને વાદળી રંગના મિશ્રણથી બને છે. આ રંગ ખૂબ સુંદર અને અલગ ઓળખ ધરાવે છે. ઘણા ફૂલો, સજાવટની વસ્તુઓ અને ચિત્રોમાં આ રંગનો સમાવેશ થાય છે. આ રંગ ગાઢ અને આકર્ષક દેખાવ આપે છે. |
| હળવો નારંગી | લાલ વધુ + પીળો ઓછો | જ્યારે લાલ રંગનું પ્રમાણ વધારે અને પીળો થોડો ઓછો હોય ત્યારે હળવો નારંગી રંગ બને છે. આ રંગ વધુ ગરમ અને તેજસ્વી દેખાય છે. |

| | | |
|---|---|---|
| ગાઢ લીલો | વાદળી વધુ + પીળો ઓછો | વાદળી રંગનું પ્રમાણ વધારે હોય ત્યારે ગાઢ લીલો રંગ બને છે. આ રંગ જંગલો અને ઘન પાંદડાઓમાં જોવા મળે છે. |
| ગાઢ જાંબલી | વાદળી વધુ + લાલ ઓછો | જ્યારે વાદળીનું પ્રમાણ વધારે હોય ત્યારે ગાઢ જાંબલી રંગ બને છે. આ રંગ વધુ ઊંડો અને ગાઢ દેખાય છે. |

### તૃતીયક રંગો (Tertiary Colors)

આ ત્યારે બને છે જ્યારે એક મૂળ રંગ અને એક ગૌણ રંગ ભેળવવામાં આવે. આ રંગો વધુ વિશિષ્ટ અને વિવિધ શેડ્સ ધરાવે છે. જેમ કે લાલ-નારંગી, પીળો-લીલો, વાદળી-જાંબલી વગેરે. આ રંગો ચિત્રોને વધુ જીવંત અને આકર્ષક બનાવે છે.

| રંગનો પ્રકાર | રંગનું નામ | બનેવાની રીત | ટૂંકી માહિતી |
|---|---|---|---|
| ગૌણ રંગ | નારંગી | લાલ + પીળો | બે મૂળ રંગોને ભેળવવાથી બનતો સામાન્ય રંગ |
| ગૌણ રંગ | લીલો | પીળો + વાદળી | પ્રાથમિક રંગોના મિશ્રણથી બનતો મુખ્ય ગૌણ રંગ |
| ગૌણ રંગ | જાંબલી | લાલ + વાદળી | બે અલગ મૂળ રંગોના સંયોજનથી બનતો રંગ |
| તૃતીયક રંગ | લાલ-નારંગી | લાલ + નારંગી | મૂળ અને ગૌણ રંગના મિશ્રણથી બનતો રંગ |
| તૃતીયક રંગ | પીળો-નારંગી | પીળો + નારંગી | પીળા અને ગૌણ નારંગીનું સંયોજન |
| તૃતીયક રંગ | પીળો-લીલો | પીળો + લીલો | હળવો મિશ્રિત રંગ જે બે સ્તરનાં રંગોથી બને છે |
| તૃતીયક રંગ | વાદળી-લીલો | વાદળી + લીલો | વાદળી અને ગૌણ લીલા રંગનું મિશ્રણ |
| તૃતીયક રંગ | વાદળી-જાંબલી | વાદળી + જાંબલી | ઊંડો મિશ્રિત રંગ |
| તૃતીયક રંગ | લાલ-જાંબલી | લાલ + જાંબલી | લાલ અને જાંબલીના સંયોજનથી બનતો રંગ |

## દરેક રંગની ખૂબીઓ વિશે

રંગો આપણા જીવનનો ખૂબ જ મહત્વપૂર્ણ અને સુંદર ભાગ છે, કારણ કે દરેક રંગની પોતાની અલગ ઓળખ, વિશેષતા અને અર્થ હોય છે. લાલ રંગ પ્રેમ, ઉત્સાહ, શક્તિ અને હિંમતનું પ્રતિક માનવામાં આવે છે, તેથી તેનો ઉપયોગ તહેવારો, લગ્ન અને શુભ પ્રસંગોમાં વધુ થાય છે.

- આ રંગ ખૂબ આકર્ષક અને તેજસ્વી હોય છે.
- તહેવારો, લગ્ન અને શુભ પ્રસંગોમાં લાલ રંગનો વધુ ઉપયોગ થાય છે.
- ટ્રાફિક સિગ્નલમાં લાલ રંગ રોકાવાનું સૂચન આપે છે.
- ગુલાબ, સફરજન અને સૂર્યાસ્તમાં લાલ રંગ જોવા મળે છે.

## પીળો રંગ (Yellow)

- પીળો રંગ આનંદ, પ્રકાશ અને આશાનું પ્રતિક છે.
- સૂર્યનો રંગ પીળો હોવાથી તે ઊર્જા અને ખુશીનો અનુભવ કરાવે છે.
- આ રંગ મનને ઉત્સાહિત કરે છે.
- શાળાના ચાર્ટ અને ડિઝાઇનમાં પીળો રંગ આકર્ષણ માટે ઉપયોગ થાય છે.

## વાદળી રંગ (Blue)

- વાદળી રંગ શાંતિ, વિશ્વાસ અને ઠંડક દર્શાવે છે.
- આકાશ અને સમુદ્રનો રંગ વાદળી હોય છે.
- આ રંગ મનને શાંત અને સ્થિર બનાવે છે.
- ઓફિસ અને ઘરની દીવાલોમાં આ રંગનો ઉપયોગ શાંતિ માટે થાય છે.

## લીલો રંગ (Green)

- લીલો રંગ પ્રકૃતિ, તાજગી અને શાંતિનું પ્રતિક છે.
- વૃક્ષો, છોડ અને ખેતરોમાં લીલો રંગ જોવા મળે છે.
- આ રંગ આંખોને આરામ આપે છે.
- પર્યાવરણ અને વિકાસ સાથે તેનો નજીકનો સંબંધ છે.

## નારંગી રંગ (Orange)

- નારંગી રંગ ઊર્જા, ઉત્સાહ અને સર્જનાત્મકતાનું પ્રતિક છે.
- સૂર્યોદય અને કેટલીક ફળોમાં આ રંગ જોવા મળે છે.
- આ રંગ ખુશી અને સક્રિયતા વધારતો માનવામાં આવે છે.

## જાંબલી રંગ (Purple)

- જાંબલી રંગ વૈભવ, કલ્પના અને સર્જનાત્મકતાનું પ્રતિક છે.
- આ રંગ ખાસ પ્રસંગોમાં ખૂબ આકર્ષક લાગે છે.
- ફૂલો અને સજાવટમાં તેનો ઉપયોગ થાય છે.

## સફેદ રંગ (White)

- સફેદ રંગ શુદ્ધતા, શાંતિ અને સાદાઈનું પ્રતિક છે.
- શાંતિ અને સ્વચ્છતાનું પ્રતિનિધિત્વ કરે છે.
- હોસ્પિટલ, શાળા અને ધાર્મિક સ્થળોમાં તેનો ઉપયોગ વધુ થાય છે.

- કપડાં અને ડિઝાઇનમાં ખૂબ લોકપ્રિય છે.
- આ રંગ ભવ્ય અને સ્ટાઇલિશ માનવામાં આવે છે.

## ગુલાબી રંગ (Pink)

- ગુલાબી રંગ પ્રેમ, નરમાઈ અને સૌમ્યતાનું પ્રતિક છે.
- ખાસ કરીને ફૂલો અને સજાવટમાં તેનો ઉપયોગ થાય છે.
- આ રંગ આનંદ અને કોમળતા દર્શાવે છે.

## સવાલ જવાબ (FAQ)

પહેલાથી જ આપણે કલરથી પરિચિત હોઈએ છે. રંગોની ઓળખ બધાને સરળતાથી થઇ જાય છે. રંગોને લઈને ઘણા પ્રશ્નો ઉભા થતા હોય છે. તેમાંથી મુખ્ય સવાલોના જવાબ અહીં આપવામાં આવેલા છે.

### (1) રંગો શું છે અને તેઓ કેવી રીતે દેખાય છે?

રંગો પ્રકાશનું એક સ્વરૂપ છે. જ્યારે સૂર્યપ્રકાશ અથવા કોઈ પણ પ્રકાશ વસ્તુ પર પડે છે, ત્યારે તે વસ્તુ કેટલાક પ્રકાશ કિરણોને શોષી લે છે અને કેટલાકને પરાવર્તિત કરે છે. જે કિરણો અમારી આંખ સુધી પહોંચે છે, તે રંગ તરીકે દેખાય છે.

ઉદાહરણ તરીકે, પાન લીલું દેખાય છે કારણ કે તે લીલા રંગનો પ્રકાશ પરાવર્તિત કરે છે. આ રીતે દરેક વસ્તુનો રંગ તેની સપાટી પર આધારિત હોય છે.

### (2) રંગોના મુખ્ય કેટલા પ્રકારો હોય છે?

રંગોના મુખ્ય ત્રણ પ્રકારો હોય છે: મૂળ રંગો, ગૌણ રંગો અને તૃતીયક રંગો. મૂળ રંગો લાલ, પીળો અને વાદળી છે. જ્યારે બે મૂળ રંગોને ભેળવીએ ત્યારે ગૌણ રંગો બને છે.

જેમ કે લીલો, નારંગી અને જાંબલી. ત્યારબાદ મૂળ અને ગૌણ રંગોના મિશ્રણથી તૃતીયક રંગો બને છે.

### (3) રંગો આપણા મન પર કેવી અસર કરે છે?

રંગો માણસની ભાવનાઓ અને મનોદશા પર ખૂબ અસર કરે છે. લાલ રંગ ઉત્સાહ અને ઊર્જા આપે છે, લીલો રંગ શાંતિ અને આરામનો અનુભવ કરાવે છે, વાદળી રંગ વિશ્વાસ અને ઠંડકનો અહેસાસ કરાવે છે.

જ્યારે પીળો રંગ ખુશી અને આશા દર્શાવે છે. આ કારણે ઘરની સજાવટ અને ડિઝાઇનમાં રંગોની પસંદગી ખૂબ મહત્વપૂર્ણ હોય છે.

### (4) પ્રકૃતિમાં કયા કયા રંગો જોવા મળે છે?

પ્રકૃતિમાં અનેક સુંદર રંગો જોવા મળે છે. આકાશ વાદળી, વૃક્ષો અને પાંદડા લીલા, ફૂલો લાલ, પીળા, ગુલાબી અને જાંબલી હોય છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશમાં નારંગી અને લાલ રંગ જોવા મળે છે.

ઇન્દ્રધનુષમાં સાત અલગ અલગ રંગો જોવા મળે છે, જે પ્રકૃતિની સુંદરતા વધારે છે.

### (5) દૈનિક જીવનમાં રંગોનું શું મહત્વ છે?

જેમ કે લાલ રંગ ચેતવણી માટે, લીલો આગળ વધવા માટે અને પીળો સાવચેત રહેવા માટે ઉપયોગમાં લેવાય છે. રંગો જીવનને વધુ આકર્ષક અને સરળ બનાવે છે.

આશા કરુ છુ કુલ 50 થી પણ વધુ કલર અંગેના નામની તમામ જાણકારી સારી રીતે તમારા સુધી પહોંચાડી શકી છુ. પોસ્ટ પસંદ આવી હોય તો અન્ય લોકો સાથે શેયર કરવા માટે નમ્ર વિનંતી છે.

Useful Names

Colours Name in Gujarati and English, કલરના ના નામ



## Rishita

લેખક કિરણ જેઠવાની એ English વિષયમાં B.A. કર્યું છે અને 5 વર્ષ સુધી ટીચર તરીકે બાળકોને ભણાવી ચુક્યા છે. આ સાથે Content Writing માં પણ 3 વર્ષનો અનુભવ ધરાવે છે. Frootu વેબસાઈટ પર તેઓ એક વરિષ્ઠ લેખક તરીકે કાર્ય કરે છે.

## Related Posts

સૂકા મેવા ના નામ | Dry Fruits Name in Gujarati and English

50+ અનાજ ના નામ | Grains Name in Gujarati and English

100+ શાકભાજી ના નામ | Vegetables Name in Gujarati and English

## Leave a Comment